# વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/ ૯૯ /૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ, કારેલીબાગ,
વડોદરા – ૧૮
તા. : ૨૧ - ૬ – ૨૦૧૬

પ્રતિ,
શ્રી પ્રજાપતિ કિશોરભાઈ તથા અન્ય,
મુ.પો. કરોડીયા,
વડોદરા.

વિષય : મોજે કરોડીયા, તા. જી. વડોદરાના **રે.સ. નં. ૭૪/૧,૭૪/૨, વાળી જમીનમાં પાંચ લોરાઈઝ ટાવરમાં કુલ ૧૦૫ રહેણાંકના ફ્લેટો તથા કોમન પ્લોટમાં ક્લબ હાઉસના બાંધકામ** માટે વિકાસ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ : આપની તા.૨૫/૦૪/૨૦૧૬ ની અરજી.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ બાબતે વિકાસ પરવાનગીના અત્રે મંજુર કરવામાં આવેલ નકશા આ સાથે સામેલ છે. વિદિત થાય.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

બિડાણ :- (૧) વિકાસ માટે પરવાનગી પત્ર
(૨) મંજુર કરેલ નકશા

**નકલ રવાના પ્રતિ :**

કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

TRUE COPY
CHETAL ARCHITECT & ENGG.
DIPESH SHAH
Lic. No. A 3561 16.17

વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ

વુડા ભવન, એલ. એન્ડ ટી. સર્કલ, વડોદરા

## વિકાસ પરવાનગી

**શ્રી પ્રજાપતિ કિશોરભાઈ તથા અન્ય,** ગામ કરોડીયા, તા., જી. **વડોદરાના રે.સ. નં. ૭૪/૧,૭૪/૨ વાળી જમીનનુ ક્ષેત્રફળ ૬૦૭૦.૦૦ ચો.મી. પૈકી ૩૬૪૨ ચો.મી.,** જેમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં પાર્કીંગ, પ્રથમ માળ ૯૧૧.૯૭ ચો.મી., બીજો માળ ૯૧૧.૯૭ ચો.મી., ત્રીજો માળ ૯૧૧.૯૭ ચો.મી., ચાથો માળ ૯૧૧.૯૭ ચો.મી. તથા પાંચમો માળ ૯૧૧.૯૭ ચો.મી. મળી **કુલ ક્ષેત્રફળ ૪૫૫૯.૮૫ ચો.મી. માં પાંચ લોરાઈઝ ટાવરમાં કુલ ૧૦૫ રહેણાંકના ફ્લેટો તથા કોમન પ્લોટમાં કલબ હાઉસ ગ્રાઉન્ડ ફ્લોર ૩૮.૫૦ ચો.મી. ના બાંધકામ માટે** નીચેની ખાસ શરતો અને પાછળ દર્શાવેલ સામાન્ય શરતોને આધીન રહી ને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ – ૩૪ હેઠળ લે-આઉટ અને કલમ-૨૯/૧(૧), ૨૯/૧(૨) હેઠળ વિકાસ પરવાનગી આપવામાં આવે છે.

**ખાસ શરતો :-**

(૧) સ્થળે બાંધકામ શરૂ કરતા પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઈલ ટેસ્ટ રીપોર્ટ, ફોર્મ નં.૨(ડી), સ્ટ્રકચરલ ડીટેઈલ ડ્રોઈંગ તથા સ્ટ્રકચરલ સ્ટેબીલીટી રીપોર્ટ રજુ કરવાના રહેશે.

(૨) કોમન પ્લોટ તથા તેમાં આયોજીત કલબહાઉસની માલિકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૩) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક :વનમ-૧૦૦૮-૩૨૬૦-લ, તા.૧૦/૩/૨૦૧૦ ની જોગવાઈ મુજબ કુલ - ૫૫ વૃક્ષોનુ વાવેતર / જાળવણી કરવાની રહેશે.

(૪) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ પરિપત્ર નં : પરચ/૧૦૨૦૦૪૧/૧૯૬૧/લ, તા૨૭/૭/૨૦૧૦ ની જોગવાઈ મુજબ પરકોલેટીંગ વેલની જોગવાઈ કરવાની રહેશે.

(૫) જી.ડી.સી.આર.– ૨૦૦૬ ના કલોઝ નં.૩.૬ ની મેન્ડેટરી ડીસ્કલોઝરની જોગવાઈનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૬) બિલ્ડીંગ યુઝ પરમીશન મેળવતા અગાઉ ઉકત પાંચ લોરાઈઝ ટાવરનો પાંચ વર્ષનો ઈન્સ્યોરન્સ લઈ રજુ કરવાનો રહેશે.

મંજુર કરેલ પ્લાનની નકલ આ સાથે સામેલ છે.

નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ
વડોદરા

નં.યુડીએ/પ્લાન-૨/પરવાનગી/ ૯૯ /૨૦૧૬
શહેરી વિકાસ સત્તામંડળ,
કારેલીબાગ, વડોદરા – ૧૮.
તા.૨૨/૯/૨૦૧૬

નકલ રવાના પ્રતિ :

➢ કલેકટરશ્રી, બિનખેતી શાખા, કલેકટર કચેરી, વડોદરા તરફ જાણ સારૂ.

TRUE COPY
CHETAL ARCHITECT & ENGG.
DIPESH SHAH
Lic. No. A-3581/6/18